# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-01-2025** **Evening : 6.45 TO 6.55**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ તાપીના વ્યારામાં રાજ્યપાલની અધ્યક્ષતામાં એટ હોમ કાર્યક્રમ યોજાયો.

2) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તાપી જિલ્લામાં 240 કરોડ રૂપિયાથી વધુની વિવિધ યોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે.

3) રાજ્યના વિવિધ જિલ્લાઓમાં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરાઇ.

4) રાજ્ય પોલીસ દળના 11 પોલીસ અધિકારી અને કર્મચારીઓને રાષ્ટ્રપતિ ચંદ્રક જાહેર કરાયા.

5) રાજ્યમાં દિવસ દરમિયાન ઠંડા પવનો ફૂંકાતા મહત્તમ તાપમાનમાં બે ડિગ્રી સુધીનો ઘટાડો.

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GOVERNOR VOTER'S DAY

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે માનવજીવનમાં સ્વતંત્રતાથી મોટું કોઈ સુખ નથી અને પરતંત્રતાથી મોટું કોઈ દુઃખ નથી. ગાંધીનગરમાં રાજ્યકક્ષાના મતદાતા દિવસની ઉજવણી દરમિયાન રાજ્યપાલે આ પ્રમાણે જણાવ્યું. તેઓએ ઉમેર્યું કે લોકતંત્રથી આપણો દેશ વધુને વધુ સમૃદ્ધ બની રહ્યો છે.

આ પ્રસંગે તેઓએ ચૂંટણી પ્રક્રિયામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર જિલ્લા ચૂંટણી અધિકારી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, બૂથ લેવલ ઓફિસર સહિતના અધિકારીઓ-કર્મચારીઓનું સન્માન કર્યું.

. . . . . . . . . . . . .

# RAJYPAL-AWARD

રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીના ભાગરૂપે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે ચૂંટણી પ્રક્રિયામાં નિષ્ઠાપૂર્વક અને સમર્પિતપણે કામગીરી બદલ જિલ્લા ચૂંટણી તંત્ર અને મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીના અધિકારીઓ - કર્મચારીઓને પ્રશસ્તિપત્ર તથા રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં 3 જિલ્લા ચૂંટણી અધિકારીઓ, 1 નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, 1 મતદાર નોંધણી અધિકારી, 1 મદદનીશ મતદાર નોંધણી અધિકારી, 21 બુથ લેવલ ઑફિસર્સ, સ્પેશ્યલ કેટેગરીમાં 03 તથા મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીના 6 અધિકારી-કર્મચારીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

2024ની લોકસભા ચૂંટણીમાં ઉત્તમ કામગીરી કરવા બદલ મહેસાણાના કલેકટર એમ.નાગરાજનને રાજ્યપાલના હસ્તે રાજ્યના શ્રેષ્ઠ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકેનો એવોર્ડ એનાયત કરાયો.

આ ઉપરાંત યુથ વોટર ફેસ્ટિવલ-2024માં વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થનાર 10 સ્પર્ધકોને પ્રશસ્તિપત્ર તથા રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. . . . . . . . . . . . . .

# CM In Tapi

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ વ્યારા ખાતે તાપી જિલ્લામાં 240 કરોડ રૂપિયાની યોજનાનું લોકાર્પણ કરશે. શ્રી પટેલ 124 કરોડ રૂપિયાના 20 કામોનું લોકાર્પણ અને 115 કરોડ રૂપિયાના 41 કાર્યોનું ખાતમુહૂર્ત કરશે. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ઉપસ્થિત રહેશે.

મુખ્યમંત્રી પોલીસ હેડક્વાર્ટર ખાતે ગુજરાત પોલીસ એક્સ્પોનું ઉદઘાટન કરશે. દક્ષિણાપદ વિવિધલક્ષી વિદ્યાલય ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે જેમાં રાજ્યપાલ તેમજ મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે

. . . . . . . . . . . . .

# VOTER'S DAY CELEBRATION

આજે વિવિધ જિલ્લાઓમાં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

દીવમાં જિલ્લા કલેકટર રાહુલ દેવ બુરાએ કલેક્ટર કચેરી સભાગૃહમાં, ઉપસ્થિતોને મતદાનના શપથ લેવડાવ્યા. તેમણે 18 વર્ષની ઉંમર પૂર્ણ કરનારા યુવાનોને મતદાર ઓળખ કાર્ડનું વિતરણ કર્યું.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની વિદ્યાનગરી કોલેજ ખાતે જિલ્લા કલેકટર ડો. રતનકંવર ગઢવી ચારણની ઉપસ્થિતિમાં નવા યુવા મતદારો તેમજ શતાયુ મતદારો, ચૂંટણી બ્રાન્ડ એમ્બેસેડર, બૂથ લેવલ અધિકારીઓને સન્માનિત કરાયા.

ખેડા જિલ્લાની નડિયાદ બધીર વિદ્યાલય ખાતે મતદાનને પ્રોત્સાહન આપવા જિલ્લાના 80થી વધુ વયના મતદારો, યુવા, થર્ડ જેન્ડર, મહિલા, દિવ્યાંગ અને આર્મી જવાન સહિતના મતદારોનું સન્માન કરી અચૂક મતદાન કરવા પ્રોત્સાહન અપાયું હતું.

નવસારીની એસ.એસ.અગ્રવાલ કોલેજ ખાતે કલેકટરની ઉપસ્થિતીમાં ચૂંટણીલક્ષી શ્રેષ્ઠ કામગીરી કરનાર જિલ્લાના અધિકારી, કર્મચારી, વયોવૃદ્ધ મતદાર અને દિવ્યાંગ મતદારોનું સન્માન કરાયું.

નર્મદા જિલ્લામાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ચેતન સુથારના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં અધિકારી-કર્મચારીઓની ચૂંટણીલક્ષી ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવવામાં આવી.

***(બાઇટ: ચેતન સુથાર, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી)***

. . . . . . . . . . . . .

# STATE REPUBLIC DAY REHEARSAL

76મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત આજે વિવિધ જિલ્લામાં રિહર્સલ યોજાયું હતું.

બનાસકાંઠામાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરાશે. જેને લઈને અંબાજી જી.એમ.ડી.સી ગ્રાઉન્ડ ખાતે ધ્વજવંદન કાર્યક્રમનું રિહર્સલ કરાયું. જેમાં જિલ્લા વિકાસ અધિકારી એમ.જે.દવેએ કાર્યક્રમનું નિરીક્ષણ કરીને અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનો કર્યા.

(બાઈટ: એમ.જે.દવે - જિલ્લા વિકાસ અધિકારી)

ગીરસોમનાથમાં જિલ્લા કક્ષાની ઉજવણીનું રિહર્સલ ઉનાના એચ.ડી. હાઇસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં યોજાયું. ઉલ્લેખનીય છે કે ગીર સોમનાથ જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી ઉના ખાતે મત્સ્યોદ્યોગ મંત્રી પરસોત્તમ સોલંકીની અધ્યક્ષતામાં થશે.

. . . . . . . . . . . . .

# VAPI-KANU DESAI

વાપીના બલીઠા વિસ્તારમાં આવેલી કે.એચ.દેસાઈ પુરૂષ અધ્યાપન મંદિર કોલેજના મેદાનમાં વલસાડ જિલ્લા કક્ષાનો 76મો પ્રજાસત્તાક દિન ઉજવાશે. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં રાજ્યના નાણાંમંત્રી કનુ દેસાઈ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે અને ધ્વજવંદન કરશે.

કોલેજના મેદાન ખાતે આજે રિહર્સલનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પરેડ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને ટેબ્લોઝનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . .

# PRESIDENTIAL MEDAL GUJARAT

પ્રજાસત્તાક દિન પૂર્વે ગુજરાત રાજ્ય પોલીસ દળના 11 પોલીસ અધિકારી તથા જવાનોને રાષ્ટ્રપતિશ્રીના ચંદ્રકો જાહેર કરાયા છે. જેમાં રાજકોટ પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા અને નાયબ પોલીસ અધિક્ષક દિગ્વિજયસિંહ ચુડાસમાને વિશિષ્ટ સેવા અંગેના પોલીસ ચંદ્રક જાહેર કરાયા છે.

આ ઉપરાંત પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડિયા અને ચિરાગ કોરડીયા, હથિયારી નાયબ પોલીસ અધિક્ષક અશોકકુમાર પાંડોર, દેવદાસ બારડ, બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર બાબુભાઇ પટેલ સહિત 9 પોલીસ અધિકારી અને કર્મચારીને પ્રશંસનીય સેવા અંગેના પોલીસ ચંદ્રક જાહેર કરાયા છે.

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં ઠંડીનું જોર સામાન્ય રહ્યું છે. દિવસ દરમિયાન ઠંડા પવનો ફૂંકાતા મહત્તમ તાપમાનમાં બે ડિગ્રી સુધીનો ઘટાડો થયો છે. રાજ્યમાં ગઈકાલે દિવસ દરમિયાન 15 થી 20 કિલોમીટર પ્રતિ કલાકની ગતિથી ઠંડા પવનો ઉત્તર પૂર્વ દિશા તરફથી ફુકાઈ રહ્યા હતા, પરંતુ મધ્ય ગુજરાતના ભાગોમાં તેજ ગતિ સાથે પવનો ફૂકાતા અમદાવાદ સહિત આસપાસના વિસ્તારમાં મહત્તમ તાપમાન બે ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટ્યું હતું.

ઉત્તર પશ્ચિમ ભારતમાં સક્રિય થયેલી સિસ્ટમને કારણે પવનની ગતિ વધુ રહી હતી હજુ પણ આગામી 48 કલાક સ્થિતિ યથાવત રહેવાની શક્યતાઓ છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આજે પણ 10 થી 15 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન કુંકાઈ શકે છે. આ ઉપરાંત છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યનું લઘુત્તમ તાપમાન યથાવત રહ્યું હતું.

ગત રાત્રી દરમિયાન રાજ્યમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયામાં 8.6, અમદાવાદમાં 15.1, વડોદરામાં 16, રાજકોટમાં 11.5 અને સુરતમાં 17.5 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

. . . . . . . . . . . . .

# AYUSHMAN BHARAT- PATIENT

કેન્દ્ર સરકારની આયુષ્યમાન ભારત યોજના લોકો માટે આશીર્વાદરૂપ નીવડી રહી છે. મહેસાણા જિલ્લાના સતલાસણાના મોંઘીબેન ચૌધરીએ આયુષ્યમાન ભારત યોજના દ્વારા મણકાનું ઓપરેશન નિઃશુલ્ક કરાવી પીડામુક્ત બન્યા છે.

આ અંગે તેમના પરિવારજને સરકારનો આભાર વ્યક્ત કરતાં આ મુજબ જણાવ્યું.

(બાઇટ- બાબુભાઇ ચૌધરી – દર્દીના પરિવારજન)

. . . . . . . . . . . . .

# TOURISM DAY

25 જાન્યુઆરી રાષ્ટ્રીય પર્યટન દિવસ તરીકે ઉજવાય છે. ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં વિવિધ પર્યટન સ્થળો અને ઉત્સવોમાં અંદાજે 35.89 કરોડથી વધુ પ્રવાસીઓ સહભાગી થયા છે. સૌરાષ્ટ્ર દેશ વિદેશના સહેલાણીઓના પ્રવાસનું ડેસ્ટીનેશન બન્યું છે. સૌરાષ્ટ્રના દરિયા, પર્વતો, જંગલો,રણની ભૌગોલિક વિરાસતો, સ્થાપત્યો, અને ઐતિહાસિક સ્થળો પ્રવાસીઓમાં હોટ ફેવરિટ છે. દ્વારકા, શિવરાજપૂર, સોમનાથ, ગિરનાર, ગિરના જંગલો, ચોટીલા, માટેલ, ઘેલા સોમનાથ, વીરપુર સહિતના સ્થળો પ્રવાસીઓ માટે પસંદગીના સ્થળ બન્યા છે.

આ ઉપરાંત માતાનો  મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર, જેસલ તોરલ સમાધિ, ધોળાવીરા, ધોરડો રણોત્સવ, ખીજડીયા પક્ષી અભ્યારણ્ય, પીરોટન અને નરારા ટાપુ, શિવરાજપુર બીચ, પીંડારા, હિંગોળગઢ, ઓસમ ડુંગર, બરડો ડુંગર સહિતના સ્થળો લોકપ્રિય બન્યા છે.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

.....................................